(203)

(૨૯)

ક્રમાંક/ઈજર/વહટ/૧૮/૧૦ /૧૪૯૬૭ થી ૧૫૦૮૪

નોંધણી સર નિરીક્ષક કચેરી,
ગુજરાત રાજય,ગાંધીનગર
સ્ટેમ્પ અને નોંધણીભવન
સેકટર–૧૩,સી,ખ.રોડ.
ગાંધીનગર.
તા.૦૬/૧૦/૨૦૧૦

વિષયઃ– રજીસ્ટ્રેશન માટેનો કોઈ દસ્તાવેજ સ્વીકારતા પહેલાં તે દસ્તાવેજ અંગે ખરાઈ કરવા બાબત.

સંદર્ભઃ–અત્રેનાં પરિપત્ર ક્રમાંક/ઈજર/વહટ/૧૮/૧૦/૧૪૧૨૯ થી ૧૪૨૨૦ તા.૨૧/૯/૨૦૧૦

<u>સુધારા પરિપત્ર</u>

અત્રેની કચેરીનાં સંદર્ભવાળા પરિપત્રથી તમામ નોંધણી અમલદારોને દસ્તાવેજ કરી આપનારની માલિકી હકકની ચકાસણી કરવા સુચનાઓ આપવામાં આવેલ છે. આ સંદર્ભમાં પરિપત્રનાં અમલીકરણમાં પડતી મુશ્કેલી બાબતે અત્રે રજુઆતો મળેલ છે, જેમાં મુખ્યત્વે (૧) સિટી સર્વે વિસ્તારોમાં આવેલ મિલકતનાં વારસાઈ, હકક કમી, હકક ચોકસી તથા માપણી ન થવી વિ. કાર્યવાહીમાં વાંધાઓ રજુ થતા સરકારી રેકર્ડમાં એન્ટ્રી દાખલ થતી હોતી નથી. (૨) શહેરી વિસ્તારમાં બહુમાળી ઈમારતોમાં ઘણા કિસ્સાઓમાં સરકારી રેકર્ડમા એન્ટ્રી દાખલ થતી નથી.(૩) કો.ઓ.હા.સો. તથા એન.ટી.સી. ની મિલકતોની તબદીલીની એન્ટ્રી સરકારી રેકર્ડમાં દાખલ કરવામાં આવતી નથી.

નોંધણી અમલદારે દસ્તાવેજ નોંધણી અર્થે રજુ થતા લેખ લખી આપનારનાં માલિકી હકક તથા તેની ઓળખ સુનિશ્ચિત કરવાની રહે છે. દસ્તાવેજ લખી આપનારની માલિકી હકકની ઉકત જણાવેલ મુશ્કેલીઓ નિવારવા સારુ લેખ લખી આપનાર દવારા સરકારી રેકર્ડનો પુરાવો રજુ કરવા સમર્થ ન હોય તેવા કિસ્સામાં સબ રજીસ્ટ્રારશ્રીએ લેખ લખી આપનારનાં માલિકી સંબંધેનાં ઉપલબ્ધ પુરાવા(Existing Record) ધ્યાને લેવાનાં રહેશે.આવા પુરાવાઓમાં

ઈન્ડેક્ષ–૨ ની નકલ, એલોટમેન્ટ લેટર, શેર સર્ટિફિકેટ, સનદ વિ. પૈકી કોઈ એક પુરાવા તરીકે લેવાના રહેશે.

ખેતી તથા બિન ખેતીની જમીનોના વ્યવહારોમાં ગામ નમુના નંબર ૭/૧૨, ૮–અ,ગામ નમુના નંબર–૨,આકારણી પત્રક, ગામ નમુના નંબર–૬, પ્રોપર્ટી કાર્ડની નકલ વિ. પૈકી કોઈ એક પુરાવા તરીકે લેવાના રહેશે.

આ પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવો તથા પરિપત્ર મળ્યા બદલની પહોંચ બિનચુક મોકલી આપશો.

સહી/–લોચન સેહરા

નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજય,ગાંધીનગર.

પ્રતિ,

સબ રજીસ્ટ્રારશ્રી તમામ(મારફત નોંધણી નિરીક્ષક) તરફ જાણ તથા અમલ સારુ.

નકલ જય ભારતસહ રવાના:–
૧.નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર તમામ
૨.જિલ્લા રજીસ્ટ્રારશ્રી તમામ.
૩.અધિક સુપ્રિ.ઓફ સ્ટેમ્પ, ગુ.રા. ગાંધીનગર.
૪.મદદનીશ ઈ.જ.ર.શ્રી તમામ ઈ.જ.ર. કચેરી,
૫.ઈ.જ.ર. કચેરીની તમામ શાખા તરફ
૬. સિલેકટ ફાઈલે.
નકલ સવિનય રવાના:–
૧.જિલ્લા કલેકટરશ્રી તમામ
૨.સંયુકત સચિવશ્રી, (સ્ટેમ્પ), મહેસુલ વિભાગ, હ.૧ શાખા, સચિવાલય, ગાંધીનગર.

રવાના કર્યુ

નાયબ નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજય, ગાંધીનગર.